સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 32

[AUGUST - 2020]
[02/08/20 to 08/08/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 8

01 TO 15 AUG - 2020

ICE®

Click Here To DOWNLOAD

CURRENT TOPICS

- PLI યોજના અંતર્ગત ભારતમાં આગામી 5 વર્ષમાં 11.5 લાખ કરોડના મોબાઈલનું ઉત્પાદન થશે
- ગુજરાત રાજ્યના 71મા વનમહોત્સવ અંતર્ગત ગુજરાતના સૌથી મોટા સાંસ્કૃતિક વન 'રામવન'નું લોકાર્પણ
- આંધ્રપ્રદેશમાં ત્રણ રાજધાનીની સ્થાપના કરવાની યોજનાને રાજ્યપાલની મંજૂરી
- અત્યાર સુધીના સૌથી મોટા રોવર સાથે નાસાનું મંગળ મિશન 'માર્સ 2020' લૉન્ચ
- ભારતમાં ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે ભારતીય સંસ્કૃતિના આધુનિક પ્રતીક સમાન ભવ્ય અને દિવ્ય શ્રી રામ મંદિરનો શિલાન્યાસ
- મહારાષ્ટ્રના દેવલાલીથી બિહારના દાનાપુર વચ્ચે ભારતની પ્રથમ 'કિસાન રેલ'નો પ્રારંભ

www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :

Telegram : t.me/icerajkotofficial

Instagram : icerajkot

**2 AUGUST, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર, 'ફ્રેન્ડશિપ ડે' (Friendship Day)

ભારતમાં દર વર્ષે **ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર 'ફ્રેન્ડશિપ ડે'** તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત વર્ષ **2020**માં ભારતમાં **2 ઓગસ્ટ**ના રોજ 'ફ્રેન્ડશિપ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે **30 જુલાઈ**ના રોજ **'આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે, ભારત સહિત વિશ્વના કેટલાક દેશોમાં તેની ઉજવણી 30 જુલાઈને બદલે અલગ–અલગ દિવસે કરવામાં આવે છે.

## ➤ રાજ્યસભાના સાંસદ અને સમાજવાદી પાર્ટીના પૂર્વ નેતા શ્રી અમરસિંહનું નિધન



ભારતમાં રાજ્ય સભાના સાંસદ અને ઉત્તરપ્રદેશની સમાજવાદી પાર્ટીના પૂર્વ નેતા **શ્રી અમરસિંહ**નું 1 ઓગસ્ટ 2020ના રોજ **સિંગાપોર** ખાતે 64 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી અમરસિંહ લાંબા સમયથી બિમાર હતા અને **સિંગાપોર**ની એક હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. જયાં તેમનું નિધન થયું છે.
- 27 જાન્યુઆરી 1956ના રોજ **ઉત્તરપ્રદેશ**ના **આઝમગઢ** ખાતે એક રાજપૂત પરિવારમાં તેમનો જન્મ થયો હતો.
- નિધન સમયે તેઓ **ઉત્તરપ્રદેશ**માંથી **રાજ્યસભાના સાંસદ** હતા.
- તેઓ ઉત્તરપ્રદેશની **સમાજવાદી પાર્ટી**ના **મહાસચિવ** પદે પણ રહયા હતા.
- જોકે, તેમણે 6 જાન્યુઆરી, 2010ના રોજ સમાજવાદી પાર્ટીના તમામ પદો પરથી રાજીનામું આપી દીધું હતું.
- ઉદ્યોગપતિમાંથી રાજનેતા બન્યા હોવાથી ભારતીય રાજનીતિમાં તેઓ **'કોર્પોરેટ ઠાકુર'** તરીકે પ્રસિદ્ધ થયા હતા.
- શ્રી અમરસિંહ એક સમયે ભારતના પ્રસિદ્ધ અભિનેતા **શ્રી અમિતાભ બચ્ચન** તેમજ ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી **શ્રી મુલાયમસિંહ યાદવ**ની સાથે ખૂબ જ નિકટના સંબધો ધરાવતા હતા.

**નોંધ :** (1) શ્રી અમરસિંહ ચૌધરી ગુજરાતના ભાવનગર પાસેના દરેડ ગામના રાજવી પરિવારના જમાઈ હતા.

(2) તેમણે 'હમારા દિલ આપકે પાસ હૈ', 'જેડી' તથા 'ચમલા પગલા દિવાના' જેવી હિન્દી ફિલ્મોમાં તેમજ 'Bombay Mittayi' નામની મલયાલમ ફિલ્મમાં પણ અભિનય કર્યો હતો.

(3) તેમને ઉદ્યોગ, રાજનીતિ અને ફિલ્મ ક્ષેત્રનું કોકટેલ માનવામાં આવતા હતા.

## ➤ PLI યોજના અંતર્ગત ભારતમાં આગામી 5 વર્ષમાં 11.5 લાખ કરોડના મોબાઈલનું ઉત્પાદન થશે




1 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના IT, કોમ્યુનિકેશન તથા કાયદો અને ન્યાયમંત્રી શ્રી રવિ શંકર પ્રસાદે આપેલી માહિતી અનુસાર PLI યોજના હેઠળ આગામી 5 વર્ષમાં ભારતમાં રૂપિયા 11.5 લાખ કરોડના મોબાઈલ ફોન તથા તેના પાર્ટ્સનું ઉત્પાદન કરવામાં આવશે.

- આ માટે PLI યોજના અંતર્ગત એપલ, સેમસંગ સહિત 22 કંપનીઓએ અરજી કરી છે.
- આ તમામ કંપનીઓ આગામી 5 વર્ષમાં ભારતમાં રૂ. 11.5 લાખ કરોડના મોબાઈલ તથા તેના પાર્ટ્સ બનાવશે અને તેમાંથી રૂ. 7 લાખ કરોડના મોબાઈલની વિદેશમાં નિકાસ કરવામાં આવશે.જે કુલ ઉત્પાદનના 60 ટકાથી વધુ હશે.
- જેનાથી આ 22 કંપનીઓ દ્વારા આગામી 5 વર્ષમાં ભારતમાં 3 લાખ લોકોને સીધી અને 9 લાખ લોકોને આડકતરી રોજગારી આપવામાં આવશે.

**નોંધ :** (1) ભારતમાં 1 એપ્રિલ, 2020ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂર કરેલી PLI યોજના અંતર્ગત અરજી કરવાની અંતિમ તારીખ 31 જુલાઈ 2020 હતી.

(2) આ દરમિયાન આ યોજનાનો લાભ લેવા માટે કુલ 22 કંપનીઓએ અરજી કરી છે. અને ઉપરોકત ઉત્પાદનનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

(3) ભારતમાં PLI યોજના અંતર્ગત પ્રોત્સાહન આપવાનો પ્રારંભ 1 ઓગસ્ટ 2020થી થશે.

## PLI યોજના શું છે ?

ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે 1 એપ્રિલ 2020ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ત્રણ યોજનાને મંજૂરી આપવામાં આવી હતી.

- PLI યોજના એટલે કે Production-Linked Incentive Scheme આ ત્રણમાંની એક છે.
- આ ત્રણ યોજના અંતર્ગત કુલ રૂપિયા 48,000 કરોડથી વધુનો ખર્ચ કરવાની કેન્દ્ર સરકારે જાહેરાત કરી હતી.
- કેન્દ્ર સરકારે મંજૂર કરેલી આ ત્રણ યોજનાઓ આ પ્રમાણે છે :
  (1) ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન યોજના (Production-Linked Incentive Scheme)
  (2) ઈલેક્ટ્રોનિક્સ ક્લસ્ટરને પ્રોત્સાહન આપવાની યોજના અને
  (3) ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સ અને સેમીકંડકટરોના મેન્યુફેક્ચરિંગ માટે પ્રોત્સાહન યોજના

## ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન યોજના

આ યોજના અંતર્ગત મોબાઈલ સહિત વિવિધ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોનું ભારતમાં વધુમાં વધુ ઉત્પાદન થાય તે માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

- આ માટે રૂ. 41,000 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત ભારતમાં જે કંપનીઓ પોતાનું ઉત્પાદન અને વેચાણ વધારશે તેમને ઈન્સેન્ટીવ આપવામાં આવશે.
- જેમાં આ યોજના અંતર્ગત આધાર વર્ષ 2019-20 બાદના પાંચ વર્ષ દરમિયાન ઉત્પાદિત માલના વધારાના વેચાણ પર પાત્ર કંપનીઓને 4થી 6 ટકાનું ઈન્સેન્ટીવ (પ્રોત્સાહન રૂપે આર્થિક સહાય) આપવામાં આવશે.
- આ યોજનાથી ભારતમાં મોબાઈલ ફોન તથા વિશિષ્ટ ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સનું ઉત્પાદન કરતી કંપનીઓને લાભ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈલેક્ટ્રોનિક્સ ક્લસ્ટરને પ્રોત્સાહન આપવાની યોજના

ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા એક જ સ્થળે બધી સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

- આ માટે ભારતમાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરોને પ્રોત્સાહન આપવામાં આવશે.
- આ માટે ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓનું ઉત્પાદન કરતા ક્લસ્ટરોને પ્રતિ ક્લસ્ટર્સ પ્રતિ 100 એકરે રૂ. 70 કરોડની સહાય આપવામાં આવશે.
- આ માટે ભારતના મેદાની વિસ્તારોમાં ઓછામાં ઓછા 200 એકર વિસ્તારમાં અને પહાડી વિસ્તારો તથા પૂર્વોત્તર ભારતમાં ઓછામાં ઓછા 100 એકર વિસ્તારમાં ફેલાયેલા ક્લસ્ટર્સને આ યોજનાનો લાભ મળશે.
- આ ઉપરાંત આ યોજના અંતર્ગત Common Facility Centreના નિર્માણ માટે કુલ ખર્ચની 75 ટકા સુધીની સહાય આપવામાં આવશે.
- જોકે, આ સહાય વધુમાં વધુ રૂ. 75 કરોડ સુધીની હશે.
- આ યોજના અંતર્ગત 8 વર્ષમાં કુલ રૂ. 3762 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સ અને સેમીકંડક્ટરોના મેન્યુફેક્ચરિંગ માટે પ્રોત્સાહન યોજના

ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સ અને સેમીકંડક્ટરોના ઉત્પાદન માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને યોગ્ય વાતાવરણનું નિર્માણ કરવા માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓમાં વપરાતા વિવિધ સ્પેરપાર્ટ્સ અને તેના ઘટકોના ઉત્પાદન માટે ઉત્પાદન ખર્ચના 25 ટકા સુધીની સહાય આપવામાં આવશે.
- આ યોજના માટે આશરે રૂ. 3285 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ

વર્તમાન સમયે ભારતના કુલ GDPમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગનો હિસ્સો 2.3 ટકા છે.

- નાણાકીય વર્ષ 2014-15માં ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન રૂ. 1.90 લાખ કરોડનું હતું.
- જે નાણાકીય વર્ષ 2018-19માં વધીને રૂ. 4.85 લાખ કરોડ થઈ ગયું છે.
- આ ઉપરાંત વિશ્વના કુલ ઈલેક્ટ્રોનિક્સના ઉત્પાદનમાં વર્ષ 2012માં ભારતનો હિસ્સો 1.3 ટકા હતો.
- જે વર્ષ 2018માં વધીને 3.0 ટકા થઈ ગયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. ભારતમાં 'ફ્રેન્ડશિપ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 30 જુલાઈ (B) ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર
   (C) 2 ઓગસ્ટ (D) ઓગસ્ટ મહિનાનો બીજો રવિવાર **(B)**

2. ભારતના પ્રસિદ્ધ રાજકીય નેતા શ્રી અમરસિંહનું કયા દેશની એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે ?
   (A) અમેરિકા (B) બ્રિટન (C) મલેશિયા (D) સિંગાપોર **(D)**

3. ભારતના પ્રસિદ્ધ રાજનેતા શ્રી અમરસિંહનું તાજેતરમાં નિધન થયું છે....નિધન સમયે તેઓ ભારતના કયા રાજ્યમાંથી રાજ્યસભાના સાંસદ હતા ?
   (A) ઉત્તરપ્રદેશ (B) મહારાષ્ટ્ર
   (C) મધ્યપ્રદેશ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

4. શ્રી અમરસિંહનું તાજેતરમાં નિધન થયું છે....તેઓ નીચેનામાંથી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
   (A) રાજનીતિ (B) ઉદ્યોગ (C) ફિલ્મ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

5. ભારતના કેન્દ્રીય કાયદા મંત્રી શ્રી રવિ શંકર પ્રસાદે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં આગામી કેટલા વર્ષમાં રૂ. 11.5 લાખ કરોડના મોબાઈલ ફોન તથા તેના પાર્ટ્સનું ઉત્પાદન કરવામાં આવશે ?
   (A) 3 વર્ષ (B) 4 વર્ષ (C) 5 વર્ષ (D) 7 વર્ષ **(C)**

6. ભારતમાં કઈ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં રૂ. 11.5 લાખ કરોડના મોબાઈલ ફોન તથા તેના પાર્ટ્સનું ઉત્પાદન કરવામાં આવશે ?
   (A) આત્મનિર્ભર ભારત મોબાઈલ યોજના (ABMY)
   (B) આત્મનિર્ભર ભારત ટેક્નોલોજી યોજના (ABTY)
   (C) Production Linked Investment (PLI) યોજના
   (D) Production Linked Incentive Scheme (PLIS) **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. ભારતમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલી 'પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ યોજના'નો લાભ લેવા માટે થયેલી અરજીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. આ યોજનાનો લાભ લેવા માટે એપલ, સેમસંગ સહિત કુલ 22 કંપનીઓએ અરજી કરી છે.
   2. 22 કંપનીઓ દ્વારા આગામી 5 વર્ષમાં ભારતમાં રૂ. 11.5 કરોડના મોબાઈલ ફોન તથા તેના પાર્ટ્સનું ઉત્પાદન કરવામાં આવશે.
   3. આ યોજના અંતર્ગત આગામી 5 વર્ષમાં ભારતમાંથી રૂ. 7 લાખ કરોડના મોબાઈલ ફોન તથા તેના પાર્ટ્સની નિકાસ કરવામાં આવશે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 3 (C) 1, 2 (D) 2, 3 **(A)**

8. ભારતમાં 'પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ યોજના' અંતર્ગત કુલ કેટલા રૂપિયાનો ખર્ચ કરવાની કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે ?
   (A) 36,000 કરોડ (B) 38,000 કરોડ
   (C) 41,000 કરોડ (D) 48,000 કરોડ **(C)**

9. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહ આપવા માટે કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા કુલ કેટલા રૂપિયાની ત્રણ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે ?
   (A) 24,000 કરોડ (B) 34,000 કરોડ
   (C) 44,000 કરોડ (D) 48,000 કરોડ **(D)**

10. ભારતમાં કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન યોજના અંતર્ગત આધાર વર્ષ બાદના પાંચ વર્ષ દરમિયાન ઉત્પાદિત માલના વધારાના વેચાણ પર પાત્ર ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓને કેટલા ટકા ઈન્સેન્ટીવ (અથવા તો પ્રોત્સાહન સહાય) આપવામાં આવશે ?
   (A) 3 થી 5 ટકા (B) 4 થી 6 ટકા (C) 5 થી 7 ટકા (D) 6 થી 8 ટકા **(B)**

11. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ ક્લસ્ટર્સ પ્રતિ 100 એકર કેટલા રૂપિયાની સહાય આપવામાં આવશે ?
   (A) 50 કરોડ (B) 70 કરોડ (C) 75 કરોડ (D) 80 કરોડ **(B)**

12. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર્સમાં નિર્માણ પામનાર Common Facility Centreના નિર્માણ માટે કુલ ખર્ચની કેટલા ટકા સુધીની સહાય આપવામાં આવશે ?
   (A) 50 ટકા (B) 70 ટકા (C) 75 ટકા (D) 100 ટકા **(C)**

13. ભારતમાં ઈલેક્ટ્રોનિક્સ સ્પેરપાર્ટ્સ અને સેમીકંડક્ટરોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે તેના ઉત્પાદન ખર્ચના કેટલા ટકા સુધીની સહાય આપવામાં આવશે ?
   (A) 20 ટકા (B) 25 ટકા (C) 30 ટકા (D) 40 ટકા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 3 AUGUST, 2020 MONDAY

## ➤ દિવસ મહિમા : 3 ઓગસ્ટ, વિશ્વ સંસ્કૃત દિવસ (World Sanskrit Day અથવા विश्वसंस्कृतदिनम्)

## ➤ ગુજરાત રાજ્યના 71મા વનમહોત્સવ અંતર્ગત ગુજરાતના સૌથી મોટા સાંસ્કૃતિક વન 'રામવન'નું લોકાર્પણ



2 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતમાં રાજકોટ ખાતે રાજ્યકક્ષાના 71મા વનમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોતાના જન્મદિને આ વનમહોત્સવનો ગાંધીનગર ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રારંભ કરાવ્યો હતો.
- આ પ્રસંગે તેમણે રાજકોટ મ્યુનિસિપાલિટીના 'ગો ગ્રીન રથ' અને 'સંજીવની રથ'નો પણ પ્રારંભ કરાવ્યો હતો.
- આ ઉપરાંત તેમણે રાજકોટમાં નિર્માણ પામેલા 20મા સાંસ્કૃતિક વન 'રામવન'નું પણ વીડિયો કોન્ફરન્સથી લોકાર્પણ કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### રામવન

વર્ષ 2020માં લોકાર્પણ પામેલું 'રામવન' એ ગુજરાતનું 20મું સાંસ્કૃતિક વન છે.

- ગુજરાતના રાજકોટ ખાતે આ વન આવેલું છે.
- ગુજરાત રાજ્યના વન વિભાગ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજીડેમ નજીક 157 એકર વિસ્તારમાં આ વનનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- 157 એકર એટલે કે આશરે 63.53 હેક્ટર વિસ્તારમાં નિર્માણ પામેલું આ 'રામવન' ગુજરાતમાં નિર્માણ પામેલા સાંસ્કૃતિક વનોમાં અત્યાર સુધીનું સૌથી મોટું સાંસ્કૃતિક વન છે.
- આ ઉપરાંત 'રામવન'એ વર્ષ 2014માં રાજકોટના કાગવડ ખાતે નિર્માણ પામેલા 'શકિત વન' બાદ રાજકોટ જિલ્લાનું બીજું સાંસ્કૃતિક વન છે.
- ભારતમાં ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે નિર્માણ પામનાર ભવ્ય શ્રીરામ મંદિરનો શિલાન્યાસ 5 ઓગસ્ટ 2020ના રોજ થયો હતો.
- આથી, શ્રી રામ મંદિરના શિલાન્યાસની સ્મૃતિ ઈતિહાસમાં સચવાઈ રહે તે માટે રાજકોટ ખાતે નિર્માણ પામેલા આ વનને 'રામવન' નામ આપવામાં આવ્યું છે.

**નોંધ :** (1) ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલી જાહેરાત અનુસાર 71મા વનમહોત્સવ અંતર્ગત એક વર્ષમાં ગુજરાતમાં છોડના 10 કરોડ રોપાઓનું વિતરણ કરવામાં આવશે.

(2) મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યા અનુસાર ગુજરાતમાં વન બહારના વિસ્તારમાં વૃક્ષોની સંખ્યામાં છેલ્લા 13 વર્ષમાં 37 ટકાનો વધારો થયો છે. તેની સંખ્યા હાલ 34 કરોડ છે.

(3) મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો જન્મ 2 ઓગસ્ટ, 1956ના રોજ મ્યાનમારના રંગૂન (વર્તમાન Yangon-યાંગૂન) ખાતે થયો હતો.

## ગુજરાતમાં વનમહોત્સવની ઉજવણી

ભારતમાં કુલપતિ અર્નાબ પત્ર દ્વારા 1950માં વન મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- ત્યારબાદ શ્રી કનૈયાલાલ મુનશીએ 1960ના દાયકામાં આ વનમહોત્સવને આંદોલનનું સ્વરૂપ આપ્યું હતું.
- વર્તમાન સમયે ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે 1 જુલાઈથી 7 જુલાઈ દરમિયાન 'વન મહોત્સવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે વર્ષા ઋતુના આગમન બાદ વનમહોત્સવની ઉજવણી થતી હોવાથી દેશના જુદા–જુદા ભાગોમાં જુદા–જુદા દિવસોમાં તેની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત ગુજરાતમાં તાજેતરમાં 71મા વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં વર્ષ 2004થી સાંસ્કૃતિક વનોના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ અંતર્ગત ગુજરાતમાં 6 જુલાઈ, 2004ના રોજ ગાંધીનગરના સેક્ટર-18 ખાતે સૌપ્રથમ 'પુનિત વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- પુનિત વનમાં ગ્રહ, નક્ષત્ર, રાશિ, સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્ર બિંદુમાં રાખી જુદા–જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

- ગુજરાતમાં વર્ષ 2004 સુધી વનમહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે જ થતી હતી.
- પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ 2005થી એક નવતર અભિગમ અંતર્ગત ગાંધીનગરની જગ્યાએ ગુજરાતના જુદા–જુદા સ્થળોએ વન મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત વર્ષ 2005માં ગાંધીનગર બહાર સૌપ્રથમ ગુજરાતના અંબાજી ખાતે રાજ્યકક્ષાના વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.
- જેમાં 17 જુલાઈ, 2005ના રોજ અંબાજી ખાતે ગુજરાતના બીજા સાંસ્કૃતિક વન "માંગલ્ય વન"નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં ઓગસ્ટ 2020 સુધીમાં કુલ 20 સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- જેમાં આ અગાઉ વર્ષ 2019માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ જિલ્લાના ઓઢવ ખાતે 19મા સાંસ્કૃતિક વન "જડેશ્વર વન"નું લોકાર્પણ કરાવ્યું હતું.

® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ગુજરાતમાં વનમહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક વનોનું નિર્માણ

| ક્રમ | જિલ્લો | સ્થળ | વનનું નામ | વર્ષ | વનમહોત્સવ |
|---|---|---|---|---|---|
| 1 | ગાંધીનગર | સેક્ટર-18, ગાંધીનગર | પુનિત વન | 2004 | 55મો વનમહોત્સવ |
| 2 | બનાસકાંઠા | અંબાજી | માંગલ્ય વન | 2005 | 56મો વનમહોત્સવ |
| 12 | નવસારી | ભીનાર, વાંસદા | જાનકી વન | 2015 | 66મો વનમહોત્સવ |
| 13 | આણંદ | વહેરાખાડી | મહિસાગર વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 14 | વલસાડ | બાલચૌંઠી | આમ્ર વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 15 | સુરત | મોતા અથવા મોટા (Mauta) | એકતા વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 16 | જામનગર | ભૂચરમોરી | શહીદ વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 17 | સાબરકાંઠા | પાલ–દઢવાલ | વીરાંજલી વન | 2017 | 68મો વનમહોત્સવ |
| 18 | કચ્છ | રૂદ્રમાતા ડેમ સાઈટ | રક્ષક વન | 2018 | 69મો વનમહોત્સવ |
| 19 | અમદાવાદ | ઓઢવ | જડેશ્વર વન | 2019 | 70મો વનમહોત્સવ |
| 20 | રાજકોટ | આજીડેમ | રામવન | 2020 | 71મો વનમહોત્સવ |


## ➢ આંધ્રપ્રદેશમાં ત્રણ રાજધાનીની સ્થાપના કરવાની યોજનાને રાજ્યપાલની મંજૂરી

આંધ્રપ્રદેશના રાજ્યપાલ શ્રી વિશ્વ ભૂષણ હરિચંદને તાજેતરમાં આંધ્રપ્રદેશ સરકારના 'Capital Region Development Authority (Repeal) Bill 2020'ને મંજૂરી આપી દીધી છે.

- આ સાથે જ આંધ્રપ્રદેશમાં ત્રણ રાજધાની સ્થાપવાની યોજનાને મંજૂરી મળી ગઈ છે.
- આ અગાઉ 17 ડિસેમ્બર, 2019ના રોજ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી શ્રી વાય. એસ. જગનમોહન રેડ્ડીએ દક્ષિણ આફ્રિકાની તર્જ પર આંધ્રપ્રદેશમાં ત્રણ રાજધાની સ્થાપવાની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત આંધ્રપ્રદેશમાં અમરાવતી, વિશાખાપટ્ટનમ અને કુર્નૂલ એમ ત્રણ શહેરમાં રાજધાની સ્થાપવામાં આવશે.
- જેમાંથી અમરાવતી આંધ્રપ્રદેશની Legislative (કાયદાકીય), વિશાખાપટ્ટનમ Executive (કારોબારી) અને કુર્નૂલ Judicial (ન્યાયિક) રાજધાની રહેશે.

**આંધ્રપ્રદેશની નવી ત્રણ રાજધાની**

| ક્રમ | શહેર | રાજધાનીનો પ્રકાર |
|---|---|---|
| 1 | અમરાવતી | કાયદાકીય |
| 2 | વિશાખાપટ્ટનમ | કારોબારી |
| 3 | કુર્નૂલ | ન્યાયિક |




**નોંધ :** દક્ષિણ આફ્રિકાની કાયદાકીય, કારોબારી, અને ન્યાયિક રાજધાનીના નામ ક્રમશઃ કેપટાઉન, પ્રિટોરિયા અને બ્લુમ્ફોન્ટેન છે.

## ICE Questions

1. 'વિશ્વ સંસ્કૃત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 1 ઓગસ્ટ (B) 2 ઓગસ્ટ (C) 3 ઓગસ્ટ (D) 4 ઓગસ્ટ **(C)**

2. ઓગસ્ટ 2020 દરમિયાન ગુજરાતમાં કેટલામા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) 70મા (B) 71મા (C) 72મા (D) 73મા **(B)**

3. 2 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતમાં 71મા વન મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ?
   (A) ગાંધીનગર (B) અમદાવાદ (C) ભરૂચ (D) રાજકોટ **(D)**

4. 2 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 71મા વન મહોત્સવ અંતર્ગત કયા સાંસ્કૃતિક વનનું લોકાર્પણ કર્યું છે ?
   (A) રામેશ્વર વન (B) સીતારામ વન (C) રામવન (D) મહેશ્વર વન **(C)**

5. ગુજરાતમાં કઈ જગ્યાએ નિર્માણ પામેલા સાંસ્કૃતિક વન 'રામવન'નું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકાર્પણ કરાવ્યું છે ?
   (A) રાજકોટ (B) જામનગર (C) સોમનાથ (D) ભાવનગર **(A)**

6. ગુજરાતમાં નિર્માણ પામેલા 'રામવન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. તે ગુજરાતમાં નિર્માણ પામેલું 20મું સાંસ્કૃતિક વન છે.
   2. 157 એકર અથવા તો 63.53 હેકટર વિસ્તારમાં નિર્માણ પામેલું આ વન ગુજરાતમાં નિર્માણ પામેલું અત્યાર સુધીનું સૌથી મોટું સાંસ્કૃતિક વન છે.
   3. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના જન્મ દિવસે ગાંધીનગર ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા તેનું લોકાર્પણ કરાવ્યું હતું.

   Ans. (A) 1, 2, 3 (B) 1, 3 (C) 1, 2 (D) 2, 3 **(A)**

7. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરના 'ગો ગ્રીન રથ' તથા 'સંજીવની રથ'નો 71મા વન મહોત્સવ અંતર્ગત પ્રારંભ કરાવ્યો હતો ?
   (A) ભાવનગર (B) જામનગર (C) સુરેન્દ્રનગર (D) રાજકોટ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**8.** 71મા વન મહોત્સવ અંતર્ગત એક વર્ષમાં ગુજરાતમાં કેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવશે ?

(A) 2 કરોડ (B) 5 કરોડ (C) 7 કરોડ (D) 10 કરોડ **(D)**

**9.** ભારતના કયા રાજ્યમાં ત્રણ રાજધાનીની સ્થાપના માટેના બિલને રાજ્યપાલ શ્રી વિશ્વ ભૂષણ હરિચંદને મંજૂરી આપી છે ?

(A) આંધ્રપ્રદેશ (B) તેલંગાણા (C) તમિલનાડુ (D) ઓડિશા **(A)**

**10.** આંધ્રપ્રદેશમાં સ્થપાનાર નવી ત્રણ રાજધાનીમાંથી નીચેનામાંથી કયા શહેરનો સમાવેશ થતો નથી ?

(A) અમરાવતી (B) વિજયવાડા (C) કુર્નૂલ (D) વિશાખાપટ્ટનમ **(B)**

**11.** નીચેનામાંથી કયા શહેરમાં આંધ્રપ્રદેશની ન્યાયિક (Judicial) રાજધાની સ્થપાશે ?

(A) અમરાવતી (B) કુર્નૂલ
(C) વિશાખાપટ્ટનમ (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




**4 AUGUST, 2020 TUESDAY**

## ➢ અગરબત્તીના ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન'ને મંજૂરી

2 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના MSME મંત્રી **શ્રી નીતિન ગડકરી**એ **'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન'**ની મંજૂરી આપી દીધી છે.

कामये दु:खतप्तानाम्।
प्राणिनाम् आर्तिनाशनम्॥

- **અગરબત્તીના ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવા** માટે ભારતમાં **ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ (khadi and Village Industries Commission-KVIC)** દ્વારા આ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ કાર્યક્રમનો અન્ય એક ઉદ્દેશ ભારતમાં પ્રવાસી શ્રમિકો તથા રોજગારથી વંચિત અન્ય લોકોને રોજગાર અપાવવાનો પણ છે.

### આ કાર્યક્રમની વિશેષતા

PPP ધોરણે શરૂ થનાર આ કાર્યક્રમ અંતર્ગત **KVIC** દ્વારા **અગરબત્તી ઉત્પાદકો**ના માધ્યમથી કારીગરોને અગરબત્તી બનાવવા માટેનું **ઓટોમેટિક મશીન** તથા **પાઉડર મિક્સીંગ મશીન** ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ મશીનનું નિર્માણ **ભારત**માં જ થયેલું હશે.

- **'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન'** અંતર્ગત કારીગરોને આ મશીન પર **25 ટકા** સબસિડી આપવામાં આવશે.
- જ્યારે બાકીની **75 ટકા** રકમ **કારીગરો**એ **સરળ માસિક હપ્તા**માં ચૂકવવાની રહેશે.
- આ કાર્યક્રમ અંતર્ગત કારીગરોને **ટ્રેઈનિંગ** પણ આપવામાં આવશે.
- કારીગરોની આ **તાલીમ**નો **75 ટકા** ખર્ચ **KVIC** આપશે જ્યારે બાકીનો **25 ટકા** ખર્ચ **અગરબત્તી ઉત્પાદકે** આપવાનો રહેશે.
- જ્યારે અગરબત્તીના ઉત્પાદન માટે કારીગરોને **કાચો માલ** ઉપલબ્ધ કરાવવાની જવાબદારી **અગરબત્તી ઉત્પાદક**ની રહેશે.
- આ ઉપરાંત તેણે કારીગરોની મજૂરી **દર સાત દિવસે** સીધા જ તેના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરવાની રહેશે.
- આ યોજનાની મુખ્ય વિશેષતા એ છે કે આ કાર્યક્રમની મદદથી ભારતમાં સ્થાનિક અગરબત્તી ઉત્પાદકો કોઈ વધારાનો ખર્ચ કર્યા વિના જ તેમનું ઉત્પાદન વધારી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** આ યોજનાની મદદથી કારીગરોને ઓછામાં ઓછી દૈનિક **250થી 300 રૂપિયા** સુધીની આવક થશે.

## ભારતમાં અગરબત્તીનું ઉત્પાદન

ભારતમાં **અગરબત્તી**ની દૈનિક વપરાશ આશરે **1490 મેટ્રિક ટન** જેટલી છે.

- જોકે, ભારતમાં અગરબત્તીનું દૈનિક ઉત્પાદન ફક્ત **760 મેટ્રિક ટન** જેટલું જ છે.
- આથી, ભારતમાં અગરબત્તીના ઉત્પાદન કરતા તેની ડિમાન્ડ ખૂબ જ વધારે છે.
- પરિણામે, આ ક્ષેત્રમાં ભારતમાં રોજગારીના સર્જનની સંભાવના ખૂબ જ વધારે છે.

## આ અંગે કેન્દ્ર સરકારના અગત્યના બે નિર્ણયો

ભારતના **સ્થાનિક અગરબત્તી ઉદ્યોગ**ને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે તાજેતરમાં મહત્ત્વના **બે નિર્ણયો** કર્યા છે :

(1) આયાત નીતિમાં અગરબત્તીને **'મુક્ત વેપાર'**ની શ્રેણીમાંથી હટાવીને **'પ્રતિબંધિત વ્યાપાર'**ની યાદીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(2) અગરબત્તી બનાવવા માટે ઉપયોગી **'વાંસની ગોળ સળી' (Round Bamboo Sticks)** પરની આયાત ડ્યુટી **10 ટકા**થી વધારીને **25 ટકા** કરવામાં આવી છે.

- સરકારના આ નિર્ણયથી ભારતમાં અગરબત્તીના સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન મળશે, ભારતના ગ્રામીણ ક્ષેત્રોમાં નવી રોજગારીનું સર્જન થશે અને ભારતમાં થતી અગરબત્તીની આયાતમાં ઘટાડો થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➤ અત્યાર સુધીના સૌથી મોટા રોવર સાથે નાસાનું મંગળ મિશન 'માર્સ 2020' લૉન્ચ

30 જુલાઈ, 2020ના રોજ **અમેરિકા**ની અવકાશ સંસ્થા **નાસા** દ્વારા **મંગળ** ગ્રહના અભ્યાસ માટે **'માર્સ 2020' (Mars 2020)** નામનું મિશન સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ મિશન અંતર્ગત મોકલવામાં આવી રહેલું **'પર્સી' (Percy)** તરીકે ઓળખાતું **'પર્સેવરન્સ' (Perseverance)** નામનું **રોવર** મંગળના અભ્યાસ માટેનું અત્યાર સુધીનું **સૌથી મોટું રોવર** છે.
- **'પર્સેવરન્સ' રોવર** ઉપરાંત નાસા દ્વારા આ મિશન અંતર્ગત પ્રથમ વખત **'ઈનજિન્યુટી' (Ingenuity)** નામનું એક **નાનકડું હેલિકોપ્ટર** અથવા તો **હેલિકોપ્ટર ડ્રોન** પણ લોન્ચ કરવામાં આવ્યું છે.


### કયા રોકેટની મદદથી આ મિશન લૉન્ચ કરવામાં આવ્યું છે ?

નાસા દ્વારા **અમેરિકા**ના **ફ્લોરિડા** ખાતે આવેલા **કેપ કેનવેરલ** લોન્ચ સાઈટ ખાતેથી **એટલાસ ફાઈવ 541 (AtlasV541)** નામના **રોકેટ**ની મદદથી આ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે.

- જે **18 ફેબ્રુઆરી 2021**ના રોજ **મંગળની જેઝેરો ક્રેટર** પર લેન્ડ કરે તેવી શક્યતા છે.

**નોંધ :** (1) મંગળગ્રહના અભ્યાસ માટે **UAE** દ્વારા જુલાઈ 2020માં તેનું **પ્રથમ મંગળ મિશન હોપ (Hope Orbiter)** લોન્ચ કરવામાં આવ્યું છે.

(2) જ્યારે **ચીન** દ્વારા જુલાઈ 2020માં લોન્ચ કરવામાં આવેલા **તિયાનવેન-1 (Tianwen-1)** નામના **મંગળ મિશન** અંતર્ગત **ઓર્બિટર, રોવર અને લેન્ડરને** મંગળ ગ્રહના અભ્યાસ માટે મોકલવામાં આવ્યા છે.



## ICE Questions

1. અગરબત્તીના ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્ર સરકારે કયા મિશનને મંજૂરી આપી છે ?
   (A) ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન
   (B) સ્થાનિક અગરબત્તી આત્મનિર્ભર મિશન
   (C) ભારત અગરબત્તી આત્મનિર્ભર મિશન
   (D) પ્રધાનમંત્રી અગરબત્તી આત્મનિર્ભર મિશન **(A)**

2. અગરબત્તીના ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ભારતમાં કોના દ્વારા 'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન' લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) ગ્રામીણ વિકાસ મંત્રાલય (B) ભારત ઔદ્યોગિક વિકાસ નિગમ
   (C) ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ (D) ભારત ખાદી વિકાસ નિગમ **(C)**

3. 'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન' અંતર્ગત ભારતમાં અગરબત્તીના ઉત્પાદન માટે કારીગરોને કયા મશીન ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
   1. અગરબત્તી બનાવવા માટેનું ઓટોમેટિક મશીન
   2. અગરબત્તી કટિંગ મશીન
   3. પાઉડર મિક્સીંગ મશીન
   4. અગરબત્તી પેકિંગ મશીન

   Ans. (A) 1, 2 (B) 1, 3 (C) 1, 4 (D) 2, 4 **(B)**

4. 'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન' અંતર્ગત ભારતમાં અગરબત્તીના ઓટોમેટિક મશીન અને પાઉડર મિક્સીંગ મશીન પર કારીગરોને કેટલા ટકા સબસિડી આપવામાં આવશે ?
   (A) 25 ટકા (B) 40 ટકા (C) 50 ટકા (D) 75 ટકા **(A)**

5. ભારતમાં અગરબત્તીના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે 'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન' અંતર્ગત KVIC દ્વારા કોની સાથે MoU કરવામાં આવશે ?
   (A) અગરબત્તીના ડિલરો (B) વૈશ્વિક અગરબત્તી નિર્માતાઓ
   (C) સ્થાનિક અગરબત્તી વિક્રેતાઓ (D) સ્થાનિક અગરબત્તી ઉત્પાદકો **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

6. 'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન' અંતર્ગત કારીગરોને તાલીમ આપવા માટે KVIC દ્વારા કેટલા ટકા ખર્ચ આપવામાં આવશે ?
(A) 25 ટકા (B) 40 ટકા
(C) 50 ટકા (D) 75 ટકા (D)

7. ભારતમાં સ્થાનિક અગરબત્તી ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે કરેલા નિર્ણયના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચાં છે ?
1. આયાત નીતિમાં અગરબત્તીને 'મુકત વેપાર'ની યાદીમાંથી હટાવીને તેનો 'પ્રતિબંધિત વ્યાપાર'ની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
2. અગરબત્તી બનાવવા માટેની વાંસની ગોળ સળી પરની આયાત ડ્યુટી 25 ટકાથી ઘટાડીને 10 ટકા કરવામાં આવી છે.
Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એક પણ નહિ (B)

8. 30 જુલાઈ, 2020ના રોજ નાસા દ્વારા લોન્ચ કરવામાં આવેલા મંગળ મિશનનું નામ શું છે ?
(A) માર્સ-2020 (B) હોપ-2020
(C) સ્જેન-2020 (D) આઈઓ સ્કેન-2020 (A)

9. નાસા દ્વારા કયા રોકેટની મદદથી તેનું મંગળ મિશન 'માર્સ 2020' લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) Atlas II (B) Atlas III (C) Atlas IV (D) Atlas V (D)

10. નાસા દ્વારા લોન્ચ કરવામાં આવેલા મંગળ મિશન 'માર્સ 2020'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. તેની સાથે મંગળના અભ્યાસ માટેનું અત્યાર સુધીનું સૌથી મોટું 'પર્સી' અથવા તો 'પર્સેવરન્સ' નામનું રોવર મોકલવામાં આવ્યું છે.
2. તેની સાથે 'ઈનજિન્યુટી' નામનું નાનકડું હેલિકોપ્ટર મોકલવામાં આવ્યું છે.
Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એક પણ નહિ (A)

11. મંગળગ્રહના અભ્યાસ માટે જુલાઈ-2020 દરમિયાન નીચેનામાંથી કયું મિશન લોન્ચ થયું ન હતું ?
(A) માર્સ 2020 : અમેરિકા (B) હોપ : સંયુકત આરબ અમિરાત
(C) સિસ્તોવા 2020 : રશિયા (D) તિયાનવેન-1 : ચીન (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**5 AUGUST, 2020 WEDNESDAY**

## ➤ ભારતમાં પ્રથમ વખત ગુજરાતના ધોરાજીથી બાંગ્લાદેશ ટ્રેન દ્વારા ડુંગળની નિકાસ

તાજેતરમાં ભારતમાં ગુજરાતના ધોરાજીથી બાંગ્લાદેશ ટ્રેન મારફત ડુંગળી મોકલવામાં આવી છે.

- જે ભારતમાંથી ડુંગળીની ટ્રેન દ્વારા બાંગ્લાદેશમાં થયેલી પ્રથમ વખત નિકાસ છે.
- ભારતમાં ખેડૂતો આર્થિક રીતે સક્ષમ બને તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ટ્રેન દ્વારા ડુંગળીની આ નિકાસ કરવામાં આવી છે.
- આ અંતર્ગત ગુજરાતના ધોરાજી, ઉપલેટા, પાનેલી વગેરે વિસ્તારના ખેડૂતો તથા વ્યાપારીઓની અંદાજે 1500 મેટ્રિક ટન જેટલી પીળીપત્તિ ડુંગળી ગુડ્ઝ ટ્રેનના 42 રેકમાં બાંગ્લાદેશ મોકલવામાં આવી છે.
- જોકે, આ અગાઉ ગુજરાતના સૌરાષ્ટ્રમાંથી ટ્રક દ્વારા બાંગ્લાદેશની બોર્ડર સુધી ડુંગળી મોકલવામાં આવતી હતી. જેનો ટ્રાન્સપોર્ટ ખર્ચ ખૂબ જ વધારે થતો હતો.

**નોંધ :** (1) કેન્દ્ર સરકારના રેલવે મંત્રાલય, ગુજરાત સરકાર તથા ભાવનગર રેલવે ડિવિઝનના સહયોગથી ધોરાજીથી બાંગ્લાદેશ ટ્રેન દ્વારા ડુંગળીની આ નિકાસ કરવામાં આવી છે.

(2) આ અગાઉ તાજેતરમાં ભારતમાંથી બાંગ્લાદેશ સાથે સંકળાયેલી નીચેની સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો :

(i) ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પ્રથમ કન્ટેનર ટ્રેન સેવાનો પ્રારંભ. આ અંતર્ગત કોલકાતાના માજેર હાટ સ્ટેશનેથી બાંગ્લાદેશના બેનાપોલ સ્ટેશને એક કન્ટેનર ટ્રેન પ્રથમ વખત મોકલવામાં આવી હતી.

(ii) આંધ્રપ્રદેશથી મરચું ભરેલી પ્રથમ પાર્સલ ટ્રેન બાંગ્લાદેશ મોકલવામાં આવી.

(iii) ભારતથી પ્રથમ વખત 15 મિની ટ્રક બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા.

(iv) ભારતે બાંગ્લાદેશને 10 બ્રોડ ગેજ ડીઝલ રેલવે એન્જિન ગિફ્ટમાં આપ્યા.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ સંરક્ષણ તથા એરોસ્પેસ ક્ષેત્રમાં ભારતનો વિશ્વના અગ્રણી દેશોમાં સમાવેશ થાય તે માટે સંરક્ષણ ઉત્પાદન નીતિ-2020 ડ્રાફ્ટ જાહેર

3 ઓગસ્ટ, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના **સંરક્ષણ મંત્રાલય** દ્વારા **'સંરક્ષણ ઉત્પાદન અને નિકાસ પ્રોત્સાહન નીતિ-2020' (Defence Production & Export Promotion Policy-DPEPP-2020)**નો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે.

- અને આ અંગે વિવિધ સલાહ સૂચનો મંગાવવામાં આવ્યા છે.
- ત્યારબાદ આ સૂચનોનો અભ્યાસ કરીને ભારતમાં નવી **'સંરક્ષણ ઉત્પાદન અને નિકાસ પ્રોત્સાહન નીતિ 2020'** તૈયાર કરવામાં આવશે.
- જેનો મુખ્ય ઉદ્દેશ સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસોને વેગ આપવાનો તથા સંરક્ષણ તેમજ એરોસ્પેસ ક્ષેત્રમાં ભારતને વિશ્વના અગ્રણી દેશોમાં સામેલ કરવાનો છે.
- આ ડ્રાફ્ટમાં સામેલ કરવામાં આવેલા મુખ્ય લક્ષ્યાંકો આ પ્રમાણે છે :

(1) વર્ષ **2025** સુધીમાં **એરોસ્પેસ અને સંરક્ષણ** ક્ષેત્રે ભારતમાંથી **રૂ. 35000 કરોડ (અથવા તો 5 બિલિયન ડોલર)**ની નિકાસ કરવી.

(2) વર્ષ **2025** સુધીમાં **એરોસ્પેસ અને સંરક્ષણ** ક્ષેત્રે ભારતનું ટર્નઓવર વધારીને **રૂ. 1,75,000 કરોડ (1.75 લાખ કરોડ)** એટલે કે **25 બિલિયન ડોલર** સુધી લઈ જવું.

(3) ભારતમાંથી સંરક્ષણ પ્રોડક્ટની નિકાસને પ્રોત્સાહન આપવું અને 'ગ્લોબલ ડિફેન્સ વેલ્યુ ચેઈન'નો ભાગ બનવું.

(4) સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્રે આયાત પરની ભારતની નિર્ભરતા ઘટાડવી અને ઘરેલુ ડિઝાઈન તથા વિકાસ દ્વારા ભારતમાં 'Make in India' પહેલને આગળ ધપાવવી.

(5) એરોસ્પેસ અને નેવલ શિપ બિલ્ડીંગ ઉદ્યોગ સહિત ભારતમાં ગતિશિલ, સુદૃઢ અને સ્પર્ધાત્મક સંરક્ષણ ઉદ્યોગ (Defence Industry)નો વિકાસ કરવો. જેથી શ્રેષ્ઠ સૈન્ય ઉત્પાદનો દ્વારા ભારતની ત્રણેય સેનાઓની સૈન્ય જરૂરિયાતો પૂરી કરી શકાય.



ICE Questions

1. તાજેતરમાં ભારતમાંથી કયા દેશમાં પ્રથમ વખત ટ્રેન દ્વારા ડુંગળીની નિકાસ કરવામાં આવી છે ?

(A) મ્યાનમાર (B) નેપાળ (C) ભૂટાન (D) બાંગ્લાદેશ **(D)**

2. ભારતના કયા સ્થળેથી બાંગ્લાદેશમાં પ્રથમ વખત ટ્રેન દ્વારા ડુંગળીની નિકાસ કરવામાં આવી છે ?

(A) ધોલેરા (B) ધોળકા (C) ધોરાજી (D) ધ્રાંગધ્રા **(C)**

3. ઓગસ્ટ 2020 દરમિયાન ભારતના કયા રાજ્યમાંથી બાંગ્લાદેશમાં પ્રથમ વખત ટ્રેન દ્વારા ડુંગળીની નિકાસ કરવામાં આવી છે ?

(A) ગુજરાત (B) આંધ્રપ્રદેશ (C) મહારાષ્ટ્ર (D) કેરળ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા 'સંરક્ષણ ઉત્પાદન અને નિકાસ પ્રોત્સાહન નીતિ-2020' ડ્રાફ્ટ અનુસાર વર્ષ 2025 સુધીમાં ભારતમાંથી એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રે કેટલા રૂપિયાની નિકાસ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે ?

(A) 20,000 કરોડ (B) 25,000 કરોડ (C) 35,000 કરોડ (D) 45,000 કરોડ **(C)**

5. ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા 'સંરક્ષણ ઉત્પાદન અને નિકાસ પ્રોત્સાહન નીતિ-2020' ડ્રાફ્ટ અનુસાર કયાં સુધીમાં ભારતમાંથી એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રે 35,000 કરોડ રૂપિયાની નિકાસ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે ?

(A) 2022 (B) 2025 (C) 2026 (D) 2030 **(B)**

6. 'સંરક્ષણ ઉત્પાદન અને નિકાસ પ્રોત્સાહન નીતિ-2020' ડ્રાફ્ટ અંતર્ગત કેન્દ્ર સરકારે વર્ષ 2025 સુધીમાં ભારતમાં એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રનું ટર્નઓવર વધારીને કેટલા રૂપિયા સુધી કરવાનું લક્ષ્યાંક રાખ્યું છે ?

(A) 1,25,000 કરોડ (B) 1,50,000 કરોડ

(C) 1, 75,000 કરોડ (D) 2,25,000 કરોડ **(C)**

7. 'સંરક્ષણ ઉત્પાદન અને નિકાસ પ્રોત્સાહન નીતિ-2020' ડ્રાફ્ટ અંતર્ગત કેન્દ્ર સરકારે ક્યાં સુધીમાં ભારતમાં એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રનું ટર્નઓવર વધારીને 1,75,000 કરોડ રૂપિયા સુધી કરવાનું લક્ષ્યાંક રાખ્યું છે ?

(A) 2022 (B) 2025

(C) 2028 (D) 2030 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

**6 AUGUST, 2020 THURSDAY**

## ➤ દિવસ મહિમા : 6 ઓગસ્ટ, હિરોશિમા દિવસ (Hiroshima Day)

જાપાન સહિત વિશ્વના અનેક દેશોમાં દર વર્ષે 6 ઓગસ્ટના રોજ હિરોશિમા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન 6 ઓગસ્ટ 1945ના રોજ જાપાનના હિરોશિમા નામના શહેર પર અમેરિકાએ અણુ બોમ્બથી હુમલો કર્યો હતો.
- જેમાં આ હુમલાની માત્ર 1 મિનિટમાં હિરોશિમાનો 80 ટકા હિસ્સો બળીને ખાખ થઈ ગયો હતો.
- આથી, આ ઘટનાની યાદમાં દર વર્ષે 6 ઓગસ્ટના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2020માં જાપાન દ્વારા આ ઘટનાની 75મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે.

**નોંધ :** (1) હિરોશિમા પર થયેલા અણુ હુમલાના 3 દિવસ બાદ 9 ઓગસ્ટ 1945ના રોજ અમેરિકાએ જાપાનના નાગાસાકી નામના બીજા શહેર પર અણુ બોમ્બથી હુમલો કર્યો હતો.

(2) અણુ બોમ્બને હિન્દીમાં પરમાણુ બોમ્બ તરીકે ઓળખવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતમાં ગોલ્ફ પર્યટનને પ્રોત્સાહન આપવા મિઝોરમના થેનજોલ ખાતે વિશ્વ કક્ષાના 'ગોલ્ફ રિસોર્ટ'નું ઉદ્દઘાટન

4 ઓગસ્ટ, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રાલયનો રાજ્ય કક્ષાનો સ્વતંત્ર હવાલો સંભાળતા મંત્રી શ્રી પ્રહલાદ સિંહ પટેલે મિઝોરમના થેનજોલ ખાતે સ્થપાયેલા 'ગોલ્ફ રિસોર્ટ'નું નવી દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉદ્દઘાટન કર્યું છે.

- ભારતમાં ગોલ્ફ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે મિઝોરમના થેનજોલ નામના ગામ ખાતે આ 'ગોલ્ફ રિસોર્ટ'ની સ્થાપના કરવામાં આવી છે.
- કુલ 105 એકર વિસ્તારમાં ફેલાયેલા આ વર્લ્ડ કલાસ ગોલ્ફ રિસોર્ટમાં તમામ આંતરરાષ્ટ્રીય સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- તેની ડિઝાઈન કેનેડાની સૌથી મોટી ગોલ્ફ કોર્સ આર્કિટેકચર કંપની 'ગ્રેહામ કૂક એન્ડ એસોસિયેટ્સ' દ્વારા તૈયાર કરવામાં આવી છે.

**નોંધ :** ભારતમાં **'સ્વદેશ દર્શન'** યોજના અંતર્ગત પૂર્વોત્તર ભારતની **'ન્યૂ ઈકો ટુરિઝમ ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ'** યોજનાના ભાગ રૂપે આ **'થેનજોલ ગોલ્ફ રિસોર્ટ'**ની સ્થાપના કરવામાં આવી છે.

## સ્વદેશ દર્શન યોજના

ભારતમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર સરકારના **પ્રવાસન મંત્રાલય** દ્વારા વર્ષ **2015**માં આ યોજના લોન્ચ કરવામાં આવી હતી.

- આ યોજના અંતર્ગત ભારતમાં એકબીજા સાથે સામ્યતા ધરાવતા સ્થળોને એકબીજા સાથે જોડીને **પ્રવાસન સર્કિટ** તરીકે વિકસાવવામાં આવી રહયા છે.
- આ યોજના અંતર્ગત ભારતમાં જુદી જુદી **15 થીમો**ને આધારે પર્યટન સર્કિટોનો વિકાસ કરવામાં આવી રહયો છે.
- આ 15 થીમમાં બુદ્ધ સર્કિટ, કોસ્ટલ સર્કિટ, ડેઝર્ટ સર્કિટ, ઈકો સર્કિટ, હેરિટેજ સર્કિટ, હિમાલયન સર્કિટ, ક્રિષ્ના સર્કિટ, નોર્થ ઈસ્ટ સર્કિટ, રામાયણ સર્કિટ, રૂરલ સર્કિટ, સ્પિરિચ્યુઅલ સર્કિટ, સૂફી સર્કિટ, તિર્થંકર સર્કિટ, ટ્રાઈબલ સર્કિટ અને વાઈલ્ડ લાઈફ સર્કિટનો સમાવેશ થાય છે.

**નોંધ :** 'સ્વદેશ દર્શન' યોજનાનો સંપૂર્ણ ખર્ચ **કેન્દ્ર સરકાર** દ્વારા ચૂકવવામાં આવે છે.

## ➤ આધુનિક ભારતીય રંગભૂમિના જનક તરીકે પ્રસિદ્ધ શ્રી અબ્રાહિમ અલકાઝીનું નિધન

ભારતીય નાટક અથવા તો ભારતીય થિયેટરના દિગ્ગજ દિગ્દર્શક અને ભારતીય રંગભૂમિને નવું પરિમાણ આપનાર પ્રસિદ્ધ નાટ્ય કલાકાર તથા નાટ્ય ગુરુ શ્રી ઈબ્રાહિમ અલકાઝીનું 4 ઓગસ્ટ 2020ના રોજ **નવી દિલ્હી** ખાતે 94 વર્ષની વયે **હાર્ટ એટેક**થી નિધન થયું છે.

- 18 ઓક્ટોબર 1925ના રોજ **મહારાષ્ટ્રના પૂણે** ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ **ભારત** ઉપરાંત **સાઉદી અરેબિયા**ની નાગરિકતા ધરાવતા હતા.
- ભારતીય રંગભૂમિ તથા ભારતીય થિયેટર ક્ષેત્રે તેમના મહત્ત્વના યોગદાનને કારણે તેમને **'આધુનિક ભારતીય રંગભૂમિના જનક'** તરીકે પણ કેટલાક વિદ્વાનો ઓળખાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- નવી દિલ્હીની National School of Drama (NSD)ના ડિરેક્ટર પદે સૌથી વધુ 15 વર્ષ સુધી સેવા આપનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા.
- ભારતમાં હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ અભિનેતા શ્રી નસરુદ્દીન શાહ અને શ્રી ઓમ પુરી જેવા અનેક અદના કલાકારોના તેઓ ગુરુ હતા.
- 1940થી 1950ના દશકામાં મુંબઈના સૌથી લોકપ્રિય નાટ્ય કલાકારોમાંના તેઓ એક હતા.

## નાટ્ય દિગ્દર્શન

તેમણે 50થી વધુ નાટકોનું દિગ્દર્શન કર્યું હતું.

- જેમાં તેમના લોકપ્રિય નાટકોમાં 'તુઘલક', 'અષાઢ કા એક દિન', 'અંધા યુગ' વગેરેનો સમાવેશ થાય છે.

## એવોર્ડ

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

શ્રી અબ્રાહિમ અલકાઝીને એનાયત થયેલા પ્રસિદ્ધ એવોર્ડમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે :


(1) સંગીત નાટક અકાદમી એવોર્ડ, 1962

(2) સંગીત નાટક અકાદમી ફેલોશિપ

(3) પદ્મ શ્રી (1966)

(4) પદ્મ ભૂષણ (1991)

(5) પદ્મ વિભૂષણ (2010)



- આ ઉપરાંત તેમને વર્ષ 2004માં રૂપવેદ પ્રતિષ્ઠાનનો પ્રથમ 'તનવીર એવોર્ડ' પણ એનાયત થયો હતો.

**નોંધ :** (1) શ્રી ઈબ્રાહિમ અલકાઝીએ નવી દિલ્હી ખાતે 'આર્ટ હેરિટેજ ગેલેરી'ની સ્થાપના કરી હતી.

(2) આ ઉપરાંત તેમણે 1953માં 'થિયેટર યુનિટ બુલેટિન' નામનું મેગેઝિન પણ શરૂ કર્યું હતું.

## ICE ? Questions

1. 'હિરોશિમા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ઓગસ્ટ (B) 6 ઓગસ્ટ (C) 7 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ **(B)**

2. 'હિરોશિમા દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. વર્ષ 2020માં જાપાનમાં 'હિરોશિમા દિવસ'ની 75મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે.
2. 6 ઓગસ્ટ 1945ના રોજ જાપાનના હિરોશિમા તથા નાગાસાકી પર થયેલા અણુ હુમલાની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1

(C) ફક્ત 2 (D) બેમાંથી એક પણ નહિ **(B)**

3. ઓગસ્ટ 2020 દરમિયાન કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ સિંહ પટેલે ભારતના કયા રાજ્યમાં નિર્માણ પામેલા 'ગોલ્ફ રિસોર્ટ'નું ઉદ્દઘાટન કર્યું છે ?

(A) મિઝોરમ (B) મણિપુર (C) નાગાલેન્ડ (D) ત્રિપુરા **(A)**

4. 4 ઓગસ્ટ 2020ના રોજ કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ સિંહ પટેલે ભારતમાં મિઝોરમ ખાતે કયા 'ગોલ્ફ રિસોર્ટ'નું ઉદ્દઘાટન કર્યું છે ?

(A) થાનજેન (B) થોમજોન (C) થેનજોલ (D) થેનજેન **(C)**

5. ભારતમાં કેન્દ્ર સરકારની કઈ યોજના અંતર્ગત મિઝોરમના થેનજોલ ખાતે ગોલ્ફ રિસોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે ?

(A) ભારત દર્શન યોજના (B) દેશ દર્શન યોજના

(C) સ્વદેશ દર્શન યોજના (D) તીર્થ દર્શન યોજના **(C)**

6. તાજેતરમાં શ્રી અબ્રાહિમ અલકાઝીનું નિધન થયું છે....તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) સ્થાપત્ય (B) રાજનીતિ (C) અર્થશાસ્ત્ર (D) નાટક **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. ભારતીય રંગભૂમિને નવું પરિમાણ આપનાર પ્રસિદ્ધ નાટ્ય દિગ્દર્શક શ્રી ઈબ્રાહિમ અલકાઝીનું તાજેતરમાં નિધન થયું છે....તેમનો જન્મ કયાં થયો હતો ?

(A) મધ્યપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) દિલ્હી (D) ઉત્તરપ્રદેશ **(B)**

8. શ્રી ઈબ્રાહિમ અલકાઝીને નીચેનામાંથી કયો એવોર્ડ એનાયત થયો હતો ?

(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ


(C) પદ્મ વિભૂષણ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

9. 'તુઘલક', 'અષાઢ કા એક દિન', 'અંધા યુગ' વગેરે જેવા નાટકોના કયા પ્રસિદ્ધ દિગ્દર્શકનું નવી દિલ્હી ખાતે હાર્ટ એટેકથી નિધન થયું છે ?

(A) શ્રી અસ્માના રાહી (B) શ્રી ઈસ્માઈલ હુસૈન

(C) શ્રી જયંત શર્મા (D) શ્રી ઈબ્રાહિમ અલકાઝી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


Available at
amazon

**7 AUGUST, 2020 FRIDAY**

## ➤ દિવસ મહિમા : 7 ઓગસ્ટ, રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ (National Handloom Day)

## ➤ ભારતમાં ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે ભારતીય સંસ્કૃતિના આધુનિક પ્રતીક સમાન ભવ્ય અને દિવ્ય શ્રી રામ મંદિરનો શિલાન્યાસ


5 ઓગસ્ટ, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે નવનિર્મિત શ્રીરામ મંદિરનો શિલાન્યાસ કરાવ્યો છે.

- આ સાથે જ ભારતમાં લગભગ 500 વર્ષથી ચાલી રહેલા વિવાદ અને આશરે 134 વર્ષથી ચાલી રહેલા કાયદાકીય વિવાદનો સુખદ અંત આવ્યો છે.




શ્રીરામ મંદિરના ભૂમિપૂજન અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચાંદીની 9 ઈંટો તથા 1989માં દેશભરમાંથી આવેલી 2.75 લાખ જેટલી ઈંટોમાંથી 9 ઈંટોની પૂજા કરી હતી.

- આ પૂજનમાં 2000 પવિત્ર સ્થળોની માટી અને 100 પવિત્ર નદીઓના જળનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- આ પૂજામાં કાંચીના શંકરાચાર્ય દ્વારા મુકવામાં આવેલું યંત્ર તથા બકુલના વૃક્ષમાંથી બનાવવામાં આવેલા શંકુની સ્થાપના કરવામાં આવી હતી.



**નોંધ :** (1) ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ મુલાકાતની સાથે જ તેઓ શ્રીરામ જન્મભૂમિ જનારા ભારતના પ્રથમ વડાપ્રધાન બની ગયા છે.

(2) ભારતની સાંસ્કૃતિક ધરોહર ગણાતા મંદિરના નિર્માણના ભૂમિપૂજનમાં ભાગ લેનારા પણ શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન બની ગયા છે.

(3) આ ઉપરાંત અયોધ્યામાં હનુમાનગઢી ખાતે શ્રી હનુમાનજીની પૂજા કરનાર પણ શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન બની ગયા છે.

(4) અયોધ્યામાં મંદિરના શિલાન્યાસ માટે સૌપ્રથમ આમંત્રણ બાબરી મસ્જિદ કેસના પક્ષકાર શ્રી ઈકબાલ અન્સારીને આપવામાં આવ્યું હતું.

(5) અયોધ્યામાં આ મંદિરના ભૂમિપૂજન અગાઉ ઉત્તરપ્રદેશના અયોધ્યા જિલ્લાના ધન્નીપુર ગામમાં મસ્જિદ બનાવવા માટે 5 એકર જમીન 'ઈન્ડો ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન ટ્રસ્ટ'ને સોંપવામાં આવી હતી.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રીરામ મંદિર

શ્રીરામ જન્મભૂમિ અયોધ્યામાં 10 એકર જમીનમાં શ્રીરામજીના દિવ્ય અને ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવશે.

- આ મંદિર 3 માળનું હશે.
- 3 માળના આ મંદિરની લંબાઈ 360 ફૂટ અને પહોળાઈ 235 ફૂટ હશે.
- તેની ઊંચાઈ 161 ફૂટ હશે. જોકે, આ અગાઉ આ મંદિરની ઊંચાઈ 141 ફૂટ નક્કી કરવામાં આવી હતી. જે વધારીને હવે 161 ફૂટ કરવામાં આવી છે.
- અહીં મુખ્ય મંદિરની આસપાસ 4 નાના મંદિરો પણ હશે.
- આ મંદિરમાં સ્તંભની સંખ્યા લગભગ 318 જેટલી હશે.
- આ મંદિરના નિર્માણ માટે રાજસ્થાનના બંશી પર્વતના પથ્થરનો ઉપયોગ થશે.

## મંદિરની શૈલી

ભારતમાં મંદિર સ્થાપત્યની સૌથી વધુ પ્રચલિત ત્રણ શૈલીઓ છે :

(1) નાગર
(2) દ્રવિડ અને
(3) વેસર


જેમાંથી આયોધ્યા ખાતેના શ્રી રામ મંદિરનું નિર્માણ નાગર શૈલીમાં થશે.

- આ શૈલી ઉત્તર ભારતમાં પ્રચલિત છે.
- આ શૈલીમાં મંદિરનું ગર્ભગૃહ અષ્ટકોણીય આકારમાં હોય છે.
- અને મંદિરનો પરિઘ વર્તુળાકાર હોય છે.
- ગુજરાતનું પ્રસિદ્ધ સોમનાથ મંદિર પણ નાગર શૈલીમાં જ બનેલું છે.

## મંદિરની ડિઝાઈન

આ મંદિરની ડિઝાઈન ગુજરાતના અમદાવાદના પ્રસિદ્ધ સોમપુરા પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવી છે.

- આ મંદિરની ડિઝાઈન તૈયાર કરવાની કામગીરીનો પ્રારંભ 1989માં સૌપ્રથમ શ્રી ચંદ્રકાન્ત સોમપુરાએ કર્યો હતો.
- ત્યારબાદ હાલ તેમના પુત્રો શ્રી નિખિલ સોમપુરા અને શ્રી આશીષ સોમપુરા વિશ્વ હિન્દુ પરિષદ તથા પોતાના પિતાશ્રીની સલાહથી આ કામગીરી કરી રહ્યા છે.
- અમદાવાદના પ્રસિદ્ધ સોમપુરા પરિવાર દ્વારા વિશ્વ પ્રસિદ્ધ 131 મંદિરોની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.
- ગુજરાતમાં પ્રસિદ્ધ સોમનાથ મંદિરની ડિઝાઈન પણ શ્રી ચંદ્રકાન્ત સોમપુરાના પિતાશ્રી પ્રભાશંકર સોમપુરાએ જ તૈયાર કરી હતી.
- નાગર શૈલીમાં કુશળ આ પરિવાર દ્વારા અક્ષરધામ મંદિર ઉપરાંત અમેરિકા અને બ્રિટનમાં પણ સ્વામિનારાયણ મંદિરની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મંદિરનું નિર્માણ

અયોધ્યામાં નિર્માણ પામી રહેલા આ મંદિરના નિર્માણની જવાબદારી <u>શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ</u>ને સોંપવામાં આવી છે.

- આ ટ્રસ્ટનું વડુંમથક <u>દિલ્હી</u> ખાતે આવેલું છે.
- આ ટ્રસ્ટમાં કુલ <u>15 સભ્યો</u>નો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ ટ્રસ્ટના 15 સભ્યોમાં અયોધ્યા જિલ્લા કલેક્ટર, કેન્દ્ર સરકારના એક પ્રતિનિધિ, રાજ્ય સરકારના એક પ્રતિનિધિ, અયોધ્યા રાજપરિવારના વંશજ શ્રી વિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રા, અયોધ્યા મામલે હિન્દુ પક્ષના સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ શ્રી કે. પરાશરન, મહંત નૃત્ય ગોપાલ દાસજી મહારાજ, તેમજ શ્રી ચંપત રાય બંસલ સહિત અન્ય વ્યકિતઓનો સમાવેશ થાય છે.
- જેમાંથી આ ટ્રસ્ટના <u>પ્રથમ અધ્યક્ષ</u> તરીકે <u>મહંત નૃત્ય ગોપાલ દાસજી મહારાજ</u>ની પસંદગી કરવામાં આવી છે.
- જ્યારે <u>શ્રી ચંપત રાય બંસલ</u> આ ટ્રસ્ટના <u>પ્રથમ મહા સચિવ</u> નિયુક્ત થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. ઉત્તરપ્રદેશના અયોધ્યામાં શ્રીરામ મંદિરના શિલાન્યાસ માટે સૌપ્રથમ આમંત્રણ કોને આપવામાં આવ્યું હતું ?
   (A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી
   (C) શ્રી ઈકબાલ અન્સારી (D) શ્રી લાલકૃષ્ણ અડવાણી **(C)**

2. અયોધ્યામાં શ્રી રામ મંદિરના શિલાન્યાસ અગાઉ અયોધ્યાના કયા ગામમાં મસ્જિદ બનાવવા માટે 'ઈન્ડો ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન ટ્રસ્ટ'ને 5 એકર જમીન આપવામાં આવી છે ?
   (A) રતનુપર (B) બન્નીપુર (C) ધન્નીપુર (D) રામપુર **(C)**

3. અયોધ્યામાં નિર્માણ પામનાર શ્રી રામ મંદિર કેટલા માળનું હશે ?
   (A) 2 (B) 3 (C) 5 (D) 7 **(B)**

4. અયોધ્યામાં નિર્માણ પામનાર શ્રી રામ મંદિરની ઊંચાઈ કેટલા ફૂટ હશે ?
   (A) 141 (B) 151 (C) 161 (D) 171 **(C)**

5. અયોધ્યામાં કઈ સ્થાપત્ય શૈલીમાં ભગવાન શ્રી રામજીના ભવ્ય મંદિરનું નિર્માણ થશે ?

(A) નાગર (B) દ્રવિડ (C) વેસર (D) પાશ્ચાત્ય **(A)**

6. અયોધ્યામાં નિર્માણ પામનાર શ્રી રામ મંદિરની ડિઝાઈન કોના દ્વારા તૈયાર કરવામાં આવી છે ?

(A) રાણપુરા પરિવાર (B) શ્રી રામ સુથાર

(C) સોમપુરા પરિવાર (D) શ્રી રામ નાયક **(C)**

7. અયોધ્યામાં નિર્માણ પામનાર શ્રી રામ મંદિરની ડિઝાઈન બનાવવાનો સૌપ્રથમ પ્રારંભ કોણે કર્યો હતો ?

(A) શ્રી પ્રભાશંકર સોમપુરા (B) શ્રી ચંદ્રકાન્ત સોમપુરા

(C) શ્રી ચંદ્રશેખર સોમપુરા (D) શ્રી લાભશંકર સોમપુરા **(B)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. અયોધ્યામાં નિર્માણ પામનાર શ્રી રામ મંદિરના નિર્માણની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

(A) શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટ

(B) શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા તીર્થ ટ્રસ્ટ

(C) શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ

(D) શ્રી રામ મંદિર તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ **(C)**

9. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પ્રથમ અધ્યક્ષ કોણ છે ?

(A) શ્રી કે. પરાશરન (B) શ્રી ચંપતરાય બંસલ

(C) મહંત નૃત્ય ગોપાલ દાસજી મહારાજ (D) શ્રી નરેન્દ્રભાઈ મોદી **(C)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**8 AUGUST, 2020 SATURDAY**

## ➤ દિવસ મહિમા : 8 ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ (International Cat Day)

## ➤ લેબેનોનની રાજધાની બૈરુતમાં થયેલા ભયાનક વિસ્ફોટમાં 177થી વધુ લોકોના મોત



4 ઓગસ્ટ, 2020ના રોજ લેબેનોનની રાજધાની બૈરુતમાં થયેલા એક ભયાનક વિસ્ફોટમાં 177થી વધુ લોકોના મોત થયા છે.

- જ્યારે આ ખતરનાક વિસ્ફોટથી 6000 લોકો ઘાયલ થઈ ગયા છે.
- અને 3 લાખ લોકો ઘર વિહોણા થઈ ગયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### આ વિસ્ફોટ શેનાથી થયો હતો ?

લેબેનોનના બૈરુતમાં સંગ્રહ કરવામાં આવેલા 2750 ટન એમોનિયમ નાઈટ્રેટ (Ammonium Nitrate)થી આ વિસ્ફોટ થયો હતો.

### આ વિસ્ફોટ કઈ જગ્યાએ થયો હતો ?

લેબેનોનના બૈરુતમાં આવેલા બંદર પર એક વેર હાઉસમાં યોગ્ય સુરક્ષા વગર જ 6 વર્ષથી એમોનિયમ નાઈટ્રેટનો 2750 ટન જેટલો જથ્થો રાખવામાં આવ્યો હતો.

- એમોનિયમ નાઈટ્રેટનો આ જથ્થો MV Rhosus (એમવી રોસસ) નામના એક ત્યજી દેવાયેલા જહાજ પરથી 6 વર્ષ પૂર્વે લેબેનોન સરકારે જપ્ત કર્યો હતો.
- જેમાં આગ લાગતા આ વિસ્ફોટ થયો હતો.

**નોંધ :** (1) લેબેનોન એ એક પશ્ચિમ એશિયાઈ દેશ છે.
(2) લેબેનોનનું ચલણ લેબેનીઝ પાઉન્ડ છે.
(3) લેબેનોનની રાજધાની બૈરુત છે.
(4) લેબેનોનના વર્તમાન (8 ઓગસ્ટ 2020ની સ્થિતિએ) રાષ્ટ્રપતિનું નામ શ્રી મિશેલ આઉન અને વડાપ્રધાનનું નામ શ્રી હસન દિઆબ છે.

## એમોનિયમ નાઈટ્રેટ

એમોનિયમ નાઈટ્રેટ એ એક રાસાયણિક સંયોજન છે.

- તેનું રાસાયણિક સૂત્ર $NH_4NO_3$ છે.
- કૃષિ માટે ખાતર રૂપે નીંદામણનાશક તથા કીટાણુનાશક તરીકે તેમજ વિસ્ફોટક, આતાશબાજી, એન્ટિબાયોટિકસ વગેરેમાં તેનો ઉપયોગ થાય છે.
- ખેતીમાં તેનો ઉપયોગ ઉચ્ચ નાઈટ્રોજન યુકત ખાતર તરીકે થાય છે.
- જ્યારે વિસ્ફોટકોમાં તેનો ઉપયોગ ઓકિસડાઈઝર તરીકે થાય છે.
- ANFO નામના પ્રસિદ્ધ વિસ્ફોટકનું તે મુખ્ય ઘટક છે.

## ➤ ગુજરાતના ભરૂચ જિલ્લા માટે અત્યંત ઉપયોગી ભાડભૂત બહુહેતૂક યોજનાના બાંધકામનો શુભારંભ

7 ઓગસ્ટ, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભરૂચ જિલ્લાના ભાડભૂત ખાતે ભાડભૂત બેરેજ યોજનાના બાંધકામનો ગાંધીનગર ખાતેથી ઈ–શુભારંભ કરાવ્યો છે.

- નર્મદા નદીમાંથી હજારો કયુસેક પાણી દરિયામાં વહી જતું અટકાવવા માટે રૂ. 5300 કરોડની આ યોજના હાથ ધરવામાં આવી છે.
- આ યોજનાથી 21000 મિલિયન ઘનફૂટ મીઠા પાણીનો સંગ્રહ થશે.
- જેનાથી ભરૂચ, અંકલેશ્વર સહિતના વિસ્તારોમાં મીઠું પાણી પહોંચાડી શકાશે.
- તેનાથી આ વિસ્તારોમાં ખારાશ આગળ વધતી અટકશે તથા સિંચાઈ તેમજ ઉદ્યોગો માટે પૂરતું પાણી પણ ઉપલબ્ધ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હજીરા-દહેજ વચ્ચે બ્રિજ

આ યોજના અંતર્ગત હજીરા-દહેજ વચ્ચે છ માર્ગીય પુલનું નિર્માણ થવાથી દહેજ–હાંસોટ–સુરત વચ્ચેના માર્ગ અંતરમાં આશરે 18 કિમીનો ઘટાડો થશે.

**નોંધ :** (1) ભાડભૂત બેરેજની લંબાઈ 1648 મીટર હશે. અને તેમાં 90 દરવાજા હશે.

(2) આ ઉપરાંત આ યોજના અંતર્ગત 20 કિમી લાંબો પૂરસંરક્ષણ પાળો બનવાથી નર્મદા નદીના બંને કાંઠાની ખેતીલાયક જમીનોના ધોવાણની સમસ્યાનો અંત આવશે.

## ➤ મહારાષ્ટ્રના દેવલાલીથી બિહારના દાનાપુર વચ્ચે ભારતની પ્રથમ 'કિસાન રેલ'નો પ્રારંભ

7 ઓગસ્ટ, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી **શ્રી નરેન્દ્ર સિંહ તોમર** અને રેલવે મંત્રી **શ્રી પીયૂષ ગોયલે** **મહારાષ્ટ્રના દેવલાલી** રેલવે સ્ટેશનથી **'કિસાન રેલ'**નો વીડિયો કોન્ફરન્સની મદદથી **નવી દિલ્હી** ખાતેથી લીલી ઝંડી બતાવીને શુભારંભ કરાવ્યો છે.

- આ સાથે જ ભારતમાં ખેડૂતો માટે **'કિસાન રેલ'**નો પ્રારંભ થઈ ગયો છે.
- **મહારાષ્ટ્રના દેવલાલી**થી **બિહારના દાનાપુર** વચ્ચે શરૂ થયેલી આ ભારતની **પ્રથમ 'કિસાન રેલ'** છે.
- આ ટ્રેનની મદદથી શાકભાજી તથા ફળો જેવી જલ્દીથી ખરાબ થઈ જતી કૃષિ નીપજોને ઓછા સમયમાં બજાર સુધી પહોંચાડવામાં મદદ મળશે.

**નોંધ :** (1) આ ટ્રેન શરૂઆતમાં **અઠવાડિયામાં એક વખત** દોડાવવામાં આવશે.

(2) ભારતીય રેલવે દ્વારા આ અગાઉ કોઈ એક કોમોડિટી માટે **'બનાના (કેળા) સ્પેશિયલ'** જેવી વિશેષ ટ્રેનો ભારતમાં ચલાવવામાં આવતી હતી.

(3) જોકે, દાડમ, કેળા જેવાં ફળો તથા ફ્લાવર, કોબિજ, કેપ્સિકમ, ડુંગળી, મરચા, સરગવો વગેરે જેવા શાકભાજીઓના વહન માટેની **ભારતની આ સૌપ્રથમ મલ્ટી કોમોડિટી ટ્રેન** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE ? Questions

1. 'આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 ઓગસ્ટ (B) 7 ઓગસ્ટ (C) 8 ઓગસ્ટ (D) 9 ઓગસ્ટ **(C)**

2. 4 ઓગસ્ટ 2020ના રોજ કયા દેશમાં થયેલા ભયાનક વિસ્ફોટમાં આશરે 177 લોકોના મોત થયા છે ?
(A) લાઈબેરિયા (B) લેસોથો (C) લિથુઆનિયા (D) લેબેનોન **(D)**

3. 4 ઓગસ્ટ 2020ના રોજ લેબેનોનના કયા શહેરમાં થયેલા ભયાનક વિસ્ફોટને કારણે આશરે 177 લોકોના મોત થયા હતા ?
(A) ત્રિપોલી (B) બૈરુત (C) બાલ્બેક (D) બેત્રોન **(B)**

4. લેબેનોનના બૈરુતમાં શેને કારણે થયેલા વિસ્ફોટમાં આશરે 177 લોકોના મોત થયા હતા ?
(A) એમોનિયમ પોટેશિયમ (B) એમોનિયમ કેલ્સિયમ
(C) એમોનિયમ નાઈટ્રેટ (D) એમોનિયમ સલ્ફેટ **(C)**

5. 7 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા જિલ્લા માટે ઉપયોગી ભાડભૂત બેરેજ યોજનાના બાંધકામનો ઈ–શુભારંભ કરાવ્યો છે ?
(A) સુરેન્દ્રનગર (B) સાબરકાંઠા (C) ડાંગ (D) ભરૂચ **(D)**

6. 7 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ભરૂચ જિલ્લાના કયા ગામ પાસે નિર્માણ પામનાર બેરેજ યોજનાના બાંધકામનો ઈ–શુભારંભ કરાવ્યો છે ?
(A) ભાડકોદરા (B) ગજેરા (C) ભાડભૂત (D) ગંડિયા **(C)**

7. ગુજરાતમાં કેટલા રૂપિયાના ખર્ચે નર્મદા નદીમાંથી દરિયામાં વહી જતું પાણી અટકાવવા માટે ભાડભૂત બેરેજ યોજના હાથ ધરવામાં આવી છે ?
(A) રૂ. 2200 કરોડ (B) રૂ. 3800 કરોડ
(C) રૂ. 5300 કરોડ (D) રૂ. 8700 કરોડ **(C)**

8. 7 ઓગસ્ટ 2020ના રોજ ભારતના કયા સ્થળેથી ભારતની પ્રથમ કિસાન રેલનો પ્રારંભ થયો છે ?
(A) દેલોલ (B) દેવગામ (C) દેવકીગાલોળ (D) દેવલાલી **(D)**

9. ભારતના કયા બે સ્થળો વચ્ચે ભારતની પ્રથમ કિસાન રેલનો પ્રારંભ થયો છે ?
(A) દેવલાલીથી દાણીચોક (B) દેવલાલીથી દાનાપુર
(C) દેવલાલીથી દાસોલ (D) દેવલાલીથી દાનીસગઢ **(B)**

10. ભારતના કયા બે રાજ્યો વચ્ચે ભારતની પ્રથમ કિસાન રેલનો પ્રારંભ થયો છે ?
(A) મધ્યપ્રદેશ અને બિહાર (B) મહારાષ્ટ્ર અને બિહાર
(C) મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ (D) મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ **(B)**

11. ભારતમાં કયા રાજ્યના દેવલાલી સ્ટેશનેથી ભારતની પ્રથમ કિસાન રેલનો પ્રારંભ થયો છે ?
(A) મહારાષ્ટ્ર (B) બિહાર (C) મધ્યપ્રદેશ (D) કર્ણાટક **(A)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગથી 8 કોરોના દર્દીઓના મોત

6 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતમાં અમદાવાદના નવરંગપુરા ખાતે આવેલી શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગને કારણે કોરોનાની સારવાર લઈ રહેલા 8 દર્દીઓના મોત થયા છે. 50 બેડની સુવિધા ધરાવતી શ્રેય હોસ્પિટલના ICU વોર્ડમાં શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગથી આ દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર લોકોના પરિવાર જનોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ. 2 લાખની તેમજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂ. 4 લાખની સહાય આપવાની જાહેરાત કરી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ ભારતમાં 1 ઓગસ્ટ 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ' તરીકે ઉજવાશે

ભારતમાં કેન્દ્ર સરકારના લઘુમતિ બાબતો અંગેના મંત્રી શ્રી મુખ્તાર અબ્બાસ નકવીએ કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 1 ઓગસ્ટ 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ' (Muslim Women Rights Day) તરીકે ઉજવવામાં આવશે. ભારતમાં 1 ઓગસ્ટ, 2019ના રોજ મુસ્લિમ મહિલાઓને 'ત્રિપલ તલાક' નામની સામાજિક બુરાઈમાંથી મુક્તિ મળી હતી. આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 1 ઓગસ્ટના રોજ 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ' તરીકે ઉજવવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે. આ અંતર્ગત 1 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં પ્રથમ 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

## ➤ ભારતના પૂર્વોત્તર રાજ્ય આસામની દૂરદર્શન ચેનલ DD આસામનું ઉદ્‌ઘાટન

4 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે આસામની 24X7 ચેનલ 'DD આસામ' અથવા તો 'દૂરદર્શન આસામ'નો નવી દિલ્હી ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા શુભારંભ કરાવ્યો છે. આ સાથે જ હવે પૂર્વોત્તર ભારતના તમામ રાજ્યોમાં રાજ્ય કેન્દ્રીત ચેનલનો પ્રારંભ થઈ ગયો છે.

## ➤ સેબી (SEBI)ના ચેરમેન શ્રી અજય ત્યાગીનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો

તાજેતરમાં ભારતમાં કેન્દ્રીય કેબિનેટની એપોઈન્ટમેન્ટ કમિટી દ્વારા SEBIના ચેરમેન શ્રી અજય ત્યાગીને સેબીના ચેરમેન તરીકે એક્સટેન્શન આપવામાં આવ્યું છે. આ અંતર્ગત તેમને 1 સપ્ટેમ્બર 2020થી 28 ફેબ્રુઆરી 2022 સુધી અથવા તો સરકાર દ્વારા આગામી સૂચના ન મળે ત્યાં સુધી આ પદ પર રહેવા આદેશ આપવામાં આવયો છે. SEBIનું પૂરું નામ Securities and Exchange Board of India છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

- ➤ ઓગસ્ટ 2020 દરમિયાન ગુજરાતના કયા શહેરની એક હોસ્પિટલના ICU વોર્ડમાં લાગેલી આગને કારણે 8 કોરોના દર્દીઓના મોત થયા છે ? – અમદાવાદ
- ➤ ઓગસ્ટ 2020 દરમિયાન ગુજરાતમાં અમદાવાદની કઈ હોસ્પિટલમાં લાગેલી આગને કારણે 8 કોરોના દર્દીઓના મોત થયા છે ? – શ્રેય હોસ્પિટલ
- ➤ ભારતમાં 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવવાની કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે ? – 1 ઓગસ્ટ
- ➤ 1 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેટલામા 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ? – પ્રથમ
- ➤ 4 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે ભારતના કયા રાજ્યની દૂરદર્શન ચેનલનો શુભારંભ કરાવ્યો છે ? – આસામ
- ➤ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે આસામની કઈ દૂરદર્શન ચેનલનો શુભારંભ કરાવ્યો છે ? – DD આસામ અથવા દૂરદર્શન આસામ
- ➤ ભારતમાં સેબીના કયા અધ્યક્ષના કાર્યકાળમાં વધારો કરવામાં આવ્યો છે ? – શ્રી અજય ત્યાગી
- ➤ SEBIનું પૂરું નામ શું છે ? – Securities and Exchange Board of India

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ગુજરાતમાં અમદાવાદ શહેરના નવા પોલીસ કમિશનર તરીકે (1 ઓગસ્ટ 2020ના રોજ) કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી સંજય શ્રીવાસ્તવ

2. ગુજરાતમાં સુરત શહેરના નવા પોલીસ કમિશનર તરીકે (1 ઓગસ્ટ 2020ના રોજ) કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અજય તોમર

3. ગુજરાતમાં વડોદરા શહેરના નવા પોલીસ કમિશનર તરીકે (1 ઓગસ્ટ 2020ના રોજ) કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી આર. બી. બ્રહ્મભટ્ટ

4. 1 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતમાં CID ક્રાઈમના વડા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ટી. એસ. બીસ્ટ

5. ભારતીય રેલવે દ્વારા ભારતમાં કેટલા વર્ષ માટે ખાનગી ઓપરેટર્સને 109 રૂટ પર 151 ટ્રેનોનું સંચાલન સોંપવાની યોજના બનાવવામાં આવી રહી છે ? – 35 વર્ષ

(આ ટ્રેનના ભાડા અંગે સ્પષ્ટતા કરતા ભારતીય રેલવે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ ટ્રેનના ભાડા ખાનગી ઓપરેટર્સ જાતે નક્કી કરી શકશે, તેમાં સરકારનો કોઈ હસ્તક્ષેપ નહિ હોય. જોકે, આ અગાઉ એવા ન્યુઝ વહેતા થયા હતા કે ખાનગી ટ્રેનોનું ભાડુ ભારતીય રેલવે દ્વારા નક્કી કરવામાં આવશે.)

6. જુલાઈ 2020 દરમિયાન શ્રી બિલ ગેટ્સ, શ્રી બરાક ઓબામા તથા શ્રી જો બિડેન સહિતના મહાનુભાવોના ટ્વિટર અકાઉન્ટ હેક કરનાર 17 વર્ષના કયા માસ્ટર માઈન્ડ યુવકની ધરપકડ કરવામાં આવી છે ? – ગ્રેહામ ઈવાન કલાર્ક (ફ્લોરિડા, અમેરિકા)

7. 1 ઓગસ્ટ, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા પ્રસિદ્ધ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નેતાની 100મી પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલી આપી હતી ?– શ્રી બાલ ગંગાધર તિલક (1 ઓગસ્ટ 1920ના રોજ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે તેમનું નિધન થયું હતું. જ્યારે મહારાષ્ટ્રના રત્નગિરિ જિલ્લાના ચિખલી ખાતે 23 જુલાઈ, 1856ના રોજ શ્રી લોકમાન્ય તિલકનો જન્મ થયો હતો.)

8. ભારતમાં કેન્દ્ર સરકારના MSME મંત્રી શ્રી નીતિન ગડકરીએ ભારતમાં કોના દ્વારા તૈયાર કરવામાં આવેલા ખાદી તથા રેશમના બનેલા FACE MASKના ગિફ્ટ બોક્સના વિતરણનો શુભારંભ કરાવ્યો છે ?

– KVIC (Khadi and Village Industries Commission)

(KVIC દ્વારા તૈયાર કરવામાં આવેલા આ ગિફ્ટ બોક્સની કિંમત રૂ. 500 છે. આવા એક બોક્સમાં રંગીન, પ્રિન્ટેડ અને આકર્ષક 4 ફેઈસ માસ્ક હોય છે.)

9. COVID-19ને કારણે ભારતમાં 25 માર્ચ 2020થી 1 ઓગસ્ટ 2020 સુધીમાં સૌથી ઓછો મૃત્યુ દર 1 ઓગસ્ટ 2020ના રોજ નોંધાયો છે...જે સમગ્ર વિશ્વમાં સૌથી ઓછો મૃત્યુદર હતો. 1 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં COVID-19ને કારણે થતો મૃત્યુ દર કેટલા ટકા હતો ?

– 2.15 ટકા

10. અગાઉના ત્રિમાસિક ગાળાની તુલનાએ એપ્રિલ –જૂન, 2020ના ત્રિમાસિક ગાળામાં યૂરોઝોનના GDPમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે ? – 12.1 ટકા

(યૂરોઝોનની અર્થવ્યવસ્થામાં જોવા મળેલો આ અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો છે. COVID-19 મહામારીને કારણે તેમાં આ ઘટાડો નોંધાયો છે. યૂરોઝોનમાં યુરોપિયન યુનિયનના એવા 19 સભ્ય દેશોનો સમાવેશ થાય છે કે જેઓ ઓફિશિયલી પોતાના ચલણ તરીકે યૂરોનો ઉપયોગ કરે છે.)

11. ભારતના કયા રાજ્યની ન્યાયિક સેવામાં અતિ પછાત વર્ગ માટે એક ટકાને બદલે 5 ટકા અનામત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – રાજસ્થાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. અમેરિકાની Space X નામની કંપનીના બે અવકાશયાત્રી સાથેના ડ્રેગન નામના અવકાશયાનના કેપ્સ્યૂલનું ઓગસ્ટ 2020 દરમિયાન કઈ જગ્યાએ સફળ ઉતરાણ થયું છે ?

– મેકિસકોની ખાડીમાં

13. તાજેતરમાં ચીન દ્વારા પોતાની કઈ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમની વૈશ્વિક સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – બાઈડુ-3

14. નેશનલ સેમ્પલ સર્વે (NSS) દ્વારા પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટ અનુસાર ભારતમાં કેટલા ટકાથી વધુ લોકો પાસે હેલ્થ વીમો નથી ? – 80 ટકા

(આ રિપોર્ટ અનુસાર ભારતના ગ્રામીણ વિસ્તારોમાં 85.9% અને શહેરી વિસ્તારોમાં 80.9% લોકો પાસે આરોગ્ય વીમો નથી.)

15. 2 ઓગસ્ટ, 2020ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા ભારતના કયા રાજ્યના અકોલા અને વાશિમ જિલ્લામાં BSNLની 'ભારત એર ફાઈબર સર્વિસ'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે ?

– મહારાષ્ટ્ર

(BSNLની આ યોજના અંતર્ગત BSNLની હયાતી વાળા વિસ્તારથી 20 કિમી સુધીના વિસ્તારમાં વાયરલેસ ઈન્ટરનેટ કનેક્ટીવિટી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેની સ્પીડ 100 mbps સુધીની હોય છે.)

16. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની સરકારી એજન્સીઓમાં કયા વિઝાધારકોને નોકરી પર રાખવા પ્રતિબંધ મૂકયો છે ? – H-1 બી

(અમેરિકન નાગરિકોની નોકરી ન છીનવાય તે માટે અમેરિકાની તમામ ફેડરલ એજન્સીઓમાં હવે ફકત અમેરિકન નાગરિકોને જ નોકરી પર રાખવાનો આ નિર્ણય કરવામાં આવ્યો છે.)

17. ઓગસ્ટ 2020 દરમિયાન કયા દેશે ચીનની બે સૌથી મોટી મોબાઈલ એપ Baidu Search અને Weibo પર પ્રતિબંધ મૂકી દીધો છે ? – ભારત

(Baidu Search એ ચીનનું પોતાનું સર્ચ એન્જિન છે. જે ગૂગલની તર્જ પર કામ કરે છે. જ્યારે Weiboને ચીનનું ટ્વિટર માનવામાં આવે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

18. ગૂગલની તર્જ પર કામ કરતા ચીનના કયા સર્ચ એન્જિન પર ભારતે પ્રતિબંધ મૂકી દીધો છે ?

– **Baidu Search**

19. તાજેતરમાં ચર્ચામાં રહેલ પુસ્તક 'સ્વચ્છ ભારત ક્રાંતિ' કોના દ્વારા સંપાદિત પુસ્તક 'સ્વચ્છ ભારત રિવોલ્યૂશન'નો હિન્દી અનુવાદ છે ? – **શ્રી પરમેશ્વરન અય્યર**

(4 ઓગસ્ટ 2020ના રોજ કેન્દ્ર સરકારના જળ શકિત મંત્રી શ્રી ગજેન્દ્ર શેખાવત અને કેન્દ્રીય કાપડ તથા મહિલા અને બાળ વિકાસ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાનીએ કેન્દ્ર સરકારના પીવાનું પાણી અને સ્વચ્છતા મંત્રાલયના સચિવ શ્રી પરમેશ્વરન અય્યરના આ પુસ્તકનું વિમોચન કર્યું હતું. તેથી આ પુસ્તક હાલ ચર્ચામાં છે.)

20. ભારતમાં કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંકે' તાજેતરમાં 'Indian Institute of Management (IIM), Sirmaur'નો શિલાન્યાસ કર્યો છે.....IIM સિરમોર ભારતના કયા રાજ્યમાં આવેલી છે ? – **હિમાચલ પ્રદેશ**

21. ભારતમાં લોક ફરિયાદોના ઝડપથી નિકાલ માટે કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલયે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સ (DARPG) નામના વિભાગ અને ભારતની કઈ IIT સાથે ત્રિપક્ષીય MoU કર્યા છે ? – **IIT, કાનપુર**

(આ અંતર્ગત IIT કાનપુર દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ - AI અને મશીન લર્નિંગ ટેક્નોલોજીની મદદથી લોક ફરિયાદોના ઝડપથી અને યોગ્ય નિકાલ માટે એક સિસ્ટમ વિકસાવવામાં આવશે.)

22. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કઈ સંસ્થાની વન સ્ટોપ ચેનલ તરીકે 'સહકાર કોપટયૂબ' નામની એક ચેનલ લોન્ચ કરવામાં આવી છે ?

– **NCDC (National Cooperative Development Corporation)**

(રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમની આ ચેનલ હિન્દી ઉપરાંત અન્ય 18 ભાષાઓમાં ઉપલબ્ધ થશે. જેનાથી યુવાનો માટે રોજગારીની તકોમાં વધારો થશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT